

## ચિલોડા મોટા ખાતે તુલસી વિવાહ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે દર વર્ષોની પરંપરા મુજબ કારતક સુદ-૧ ૩ના શુક્રવારના રોજ રાત્રીએ જનકપુરા મહિલા ભજનમંડળ આયોજિત તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગામના મુખ્ય રામજી મંદિરના પટાંગણમાં તુલસી વિવાહ મહોત્સવ ધામધૂમથી ઉજવવા મહિલાઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. આ ધાર્મિક મહોત્સવમાં શાલીગ્રામ ભગવાન અને તુલસી માતાજીના લગ્ન પ્રસંગે સંપૂર્ણ લગ્નશાસ્ત્રોક્ત વિધિ વિધાનથી ગણેશ સ્થાપન, માણેકસ્તંભ, ગૃહશાંતિ, લગ્નપડીકો, મામેરૂ, પહેરામણી, પુજાપાઠવિધિ, લગ્નવિધિ, મંગળફેરા કન્યાદાન, લગ્ન મંગલાષ્ટક અને માંગલિક પ્રસંગોમાં અંતે કન્યાવિદાય વગેરે ખૂબજ શ્રદ્ધા અને ઉમંગથી યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભગવાન લાલજી તથા તુલસી માતાજીના લગ્ન-મહોત્સવ માણવા, દર્શન કરવા કન્યાદાન કરવા ભાવિકભક્તોજનો આવી અનેક લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. આ તુલસી વિવાહમાં ભક્તિના રંગે રંગાયેલા લાલજી ભગવાનના માતા-પિતાના યજમાન શ્રી વિનોદભાઈ કેશવલાલ તથા નર્મદાબેને સ્થાન શોભાવ્યું હતું. જ્યારે તુલસીના માતા-પિતાના યજમાન પદે હસમુખભાઈ ભીખાભાઈ પટેલ તથા નીતાબેને તથા મામા-મામી તરીકે ભગવાનના વિષ્ણુભાઈ જોયતાભાઈ પટેલ, તેમજ અરૂણાબેન પટેલ, જ્યારે તુલસી માતાજીના મામા-મામી તરીકે દિનેશભાઈ પટેલ તથા નિરાલીબેન પટેલે લગ્નોત્સવમાં જોડાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ચિલોડા પોલીસે આઠ મહિના બાદ દશેલાની સીમમાંથી બાઈક ચોરીના ગુનાનો આરોપી ઝડપી લીધો

ચિલોડા, તા.૧૬

ગાંધીનગર તાલુકાના દશેલા ગામની સીમમાંથી એક બાઈક ચોરી કરવા આવેલ બે અજાણ્યા શખ્સો પૈકી ભાગી છૂટેલો આરોપી ચિલોડા પોલીસે આઠ મહિના બાદ ઝડપી પાડયો છે. આ બનાવ ની વિગત એવી છે કે દશેલા ગામના રહેવાસી જશુભાઈ રામજીભાઈ ચૌધરી પોતાનું બાઈક લઈને પોતાના ખેતરમાં કામ કરતા મજુરને ચા આપવા ગયા હતા ત્યારે પોતાનું બાઈક રોડ સાઈડમાં પાર્ક કરેલ હતું. જયારે બાઈક લઈને આવેલા બે અજાણ્યા શખ્સો પૈકી એક ઈસમ દ્વારા જશુભાઈ ચૌધરીનું બાઈક લઈને ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે તેનો પીછો કરી બાઈક સાથે આરોપીને ઝડપી લીધો હતો. જયારે બીજો આરોપી ભરતજી રામાજી ઠાકોર રહે. રાજાવીર સર્કલ, કુબેરનગર, અમદાવાદ તત્કાલીન સમયે ભાગી જવામાં સફળ નીવડયો હતો. આ આરોપીને શોધવામાં આખરે ચિલોડા પોલીસસે બાતમીના આધારે નાસતા ફરતા ભરતજી ઠાકોરને કુબેરનગરથી ઝડપી લેવામાં સફળતા મળી છે.

## સી.સી.કા. દ્વારા આધાર કાર્ડ કેમ્પનું આયોજન કરાયું

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા કાઉન્સિલના વરિષ્ઠ સભ્યો તેમજ શહેરમાં વસતા વસાહતીઓ માટે તા. ૧૮ નવેમ્બર સવારે ૧૦ થી ૫ કલાક દરમ્યાન નમન એપાર્ટમેન્ટ પ્લોટ નં. ૭૯૦-એ સે. ૨૧ મહારાષ્ટ્ર ભવનની સામે આધારકાર્ડ કાઢી આપવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં જરૂરી પુરાવા રૂપે, ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ, લાઈટબીલ, પાનકાર્ડ, લાયસન્સ પૈકી કોઈ એક નકલ સાથે લાવવા સી.સી.કા. ના મંત્રી દ્વારા જણાવ્યું છે.

# બનેવીની ટોળકીએ સે. ૧૬ની હોટલથી બંદુકની અણીએ સાળાનું અપહરણ

### બરવાળા લઈ જઈને સાળાને ઢોર માર મારીને ૭૦ લાખ તથા જરૂરી ફાઈલોની લુંટ ચલાવી હોવાની ફરીયાદ : ભાગીદારી પેઢીમાં હિસાબના ગોટાળા થયા હતા

ગાંધીનગર, તા. ૧૬

ભાવનગરથી એક વર્ષ અગાઉ ગાંધીનગર સે. ૧૬ ખાતે ન્યુ હવેલી ઈન હોટલમાં આવેલા સાળાનો પીછો કરીને બનેવીએ તેની ટોળકીની મદદથી તેની પાસે પહોંચી જઈ રીવોલ્વર અને લાકડીઓ બતાવીને સાળાનું અપહરણ કરી લીધુ હતુ. બરવાળા લઈ જઈને તેને ઢોર માર મારીને રૂ. ૭૦ લાખ રોકડા તથા અન્ય જરૂરી ફાઈલોની લુંટ કરી બનેવી સહિત ૧૨ શખ્સો ભાગી ગયા હતા. આ બનાવ અંગે એક વર્ષ બાદ સાળાએ ભાવનગર પોલીસને ફરીયાદ આપતા ત્યાંની પોલીસે ગાંધીનગર સે. ૨૧ પોલીસને ગુનો શૂન્ય નંબરથી મોકલી આપ્યો છે. સે. ૨૧ પી.આઈ. વી.એચ. ડીંડોરે ગુનાની ઊંડી તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ફરીયાદ અને આરોપીઓને ભાવનગરમાં એક ભાગીદારી પેઢી હતી જેમાં હિસાબના ગોટાળા થયા હોવાથી મામલો બન્યો હતો.

ભાવનગરના માધવનગર વિસ્તારમાં રહેતા સાળા ઘનશ્યામભાઈ રામાભાઈ સોઢા તથા બનેવી ભગુભાઈ સહિત તેમના મિત્રો દ્વારા ભાવનગરમાં કોટન વર્કસ કંપની નામની ભાગીદારી પેઢી ચાલતી હતી. હિસાબોમાં ગોટાળા થતાં ભાગીદારો વચ્ચેના સંબંધો તીખા થયા હતા. દરમ્યાન સાળો ઘનશ્યામભાઈ સોઢા ૧લી ઓગષ્ટ-૨૦૧૨ના રોજ ગાંધીનગર સે. ૧૬ની ન્યુ હવેલી ઈન હોટલ પોતાના અંગત કામથી આવ્યો હતો. તે દરમ્યાન રાત્રે સાડા દસ વાગ્યે બનેવી ભગુભાઈ તથા મિત્રો શ્રેણીકભાઈ, વિશાલ મકવાણા, મિલન દેવલુક, સંદિપ મકવાણા તથા અન્ય સાત શખ્સો ગાંધીનગર આવી પહોંચ્યા હતા. હોટલમાં રીવોલ્વર અને લાકડીઓ લઈને ઘુસી ગયેલા આ શખ્સોની ટોળકીએ ઘનશ્યામભાઈનું અપહરણ કરી લીધુ હતુ. ગાડીમાં નાંખીને તેમને બરવાળા લઈ ગયા અને પાઈપ તથા લાકડીઓ વડે માર મારીને રોકડા રૂ. ૭૦ લાખ તથા કેમેરા અને વહીવટી બીલોની ફાઈલોની લુંટ કરીને પોતાના વાહનમાં ગોંધી રાખીને ભાગી ગયા હતા. ભાવનગર જિલ્લા પોલીસને ઘનશ્યામભાઈએ ફરિયાદ આપતા ત્યાંની પોલીસે સે. ૨૧ પોલીસમથકે ગુનો ટ્રાન્સફર કરી મોકલી આપ્યો છે. ગુનાની ઊંડી તપાસ પી.આઈ. વી.એસ. ડીંડોરે શું કરી છે.

# કુડાસણ ખાતે રાધે આર્કેડ ફલેટના એક મકાનમાં બપોરે આગ લાગી

### ધુમાડા નીકળવા લાગતા પડોશીએ ફાયરબ્રિગેડને જાણ કરી : ફર્નિચર-ગાદલા બળીને ખાખ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલ કુડાસણ ગામની સીમમાં સ્થિત રાધે આર્કેટ ફલેટના એક મકાનમાંથી આજે બપોરના અરસામાં એકાએક ધુમાડાના ગોટા નીકળવા લાગતા પડોશીએ તાત્કાલીક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરી બોલાવી લીધી હતી. ફાયરબ્રિગેડે ઘટનાસ્થળે પહોંચી અને જોયું તો મકાનની અંદર આગ ભભુકી રહી હતી. પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લેવામાં આવી. જોકે મકાનનું થોડું ફર્નાચિર અને ગાદલા બળી ગયા હતાં. સદભાગ્યે આ ઘટનામાં કોઈને ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી.

કુડાસણનાં રાધે આર્કેડ ફલેટના મકાન નં. સી ૩૦૨ ખાતે રહેતા દેવલભાઈ પરમાર ઘરે દિવા બત્તી કરીને ઘરને તાળુ મારીને પરિવાર સાથે બહારગામ જવા નીકળી ગયા હતાં. બપોરના સુમારે તેમના ઘરમાંથી એકાએક ધુમાડા બહાર આવતા પડોશીએ જોયા તો તાત્કાલિક ફાયરબ્રિગેડને કોલ કરી બોલાવી લીધી હતી. મકાન આગની લપેટમાં આવી ગયું હતુ. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. મકાનમાં ધુમાડા ધુમાડા થઈ ગયેલા હતાં. ગાદલા તથા ફર્નીચિર બળી ગયા હતાં. સદનસીબે કોઈ ઘરે ન હોવાથી કોઈને ઈજા કે જાનહાની થઈ ન હતી.

# રાજયકક્ષાનો આદિવાસી સ્નેહમિલન ૧૮મીએ યોજાશે

### સેક્ટર-૩/એ/ન્યુ કોમન પ્લોટ ખાતે સ્નેહ મિલન સમારોહ

ગાંધીનગર, તા.૧૬

આદિવાસી ફેડરેશન ગુજરાત રાજ્યના ઉપક્રમે આગામી તા. ૧૮-૧૧-૧૩ના રોજ સેક્ટર-૩ એ ન્યુ, કોમન પ્લોટ, ગાંધીનગર ખાતે નૂતનવર્ષ નિમિત્તે રાજ્યકક્ષાનો આદિવાસી સ્નેહમિલન સમારંભ યોજાશે. આ સ્નેહમિલન સમારંભમાં બપોરે ૨ થી ૯ કલાક દરમિયાન સાંસ્કૃતિક પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતાં વંશપરંપરાગત રૂઢીગત નાયગાન, વિવિધ કલા-નૃત્યોના ગીત સંગીતના કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમમાં જનજાતિઓના બંધારણીય હક્કો અને અધિકારો વિષેની જાણકારી પણ આપવામાં આવશે, જેથી રાજ્યમાં ખૂણે-ખૂણે વસતા સમગ્ર આદિવાસી સમાજના નાગરીકોને સહપરિવાર ઉપસ્થિત રહેવા આધિવાસી ફેડરેશન ગુજરાત રાજ્ય દ્વારા હાર્દીક આમંત્રણ પાઠવવામાં આવે છે.

# વર્લ્ડ હેરીટેજ વીકની ૧૯થી ઉજવણી થશે

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના નાગરીકો અને વિદ્યાર્થીઓમાં વારસાના જતન માટે જાગૃત્તિ વધે તે માટે દર વર્ષે વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે પણ અમદાવાદ શહેરમાં મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી કરવામાં આવી રહી છે. ૧૯ નવેમ્બરથી ૨૫ નવેમ્બર ૨૦૧૩ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી કરવામાં આવશે. અમદાવાદ શહેરના અમુલ્ય વારસામાં અમદાવાદમાં ફરતે આવેલો કિલ્લો, કાલુપુર સ્વામિનારાયણ મંદિર, સીદી સૈયદની જાળી, ગઠીસિંગના દેરા, માણેક બુર્જ જેવા ભવ્ય હેરીટેજ સ્થાપત્યો આવેલ છે. જેના ભાગરૂપે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હેરીટેજ વીક દરમ્યાન શહેરના અગત્યનાં હેરીટેજ સ્થળો ઉપર રોશની કરવામાં આવશે તથા હેરીટેજ વિષેની જાગૃત્તિ માટે વિવિધ સ્થળો ઉપર હોર્ડીંગ્સ મુકવામાં આવશે તેમજ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હેરીટેજ વીકની ઉજવણીના ભાગરૂપે શહેરના નાગરીકો તથા શાળા અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને જુદા-જુદા કાર્યક્રમોમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યા છે.

# કલોલ પાલિકા વિસ્તારમાં ૫૪ કરોડના વિકાસ કામોનો મંગલ પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૬

કલોલ નગરપાલિકા દ્વારા શહેરમાં નવીન ટાઉનહોલ (એ.સી) તથા પાણી પુરવઠા યોજનાના લોકોપયોગી વિકાસ કામો, અમદાવાદ-મહેસાણા રાજય ધોરીમાર્ગ પર કલોલ અને છત્રાલ ખાતેના ઓવરબ્રિજનું ખાત મુહૂર્ત સમારંભ તેમજ કલોલ -ાન્ત અધિકારી કચેરીનો લાકોર્પણ સમારોહ આજરોજ મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં સુચિત નગરપાલિકા ભવન પ્લોટ, જી.ઇ.બી પાસે, કલોલ ખાતે યોજાયો હતો. મંત્રી શ્રી આનંદીબેન પટેલના હસ્તે રૂપિયા ૫૪.૪૫ કરોડના કુલ-૪ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને રૂપિયા ૬૩ લાખના ખર્ચે તૈયાર થયેલ -ાન્ત અધિકારીશ્રીની કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ -સંગે ગુજરાતમાં સૌ -થમ કલોલ -ાંત અધિકારીશ્રીની કચેરી દ્વારા માણસા-કલોલ તાલુકાના કુપોષિત બાળકોને -ોટીન અને મિલ્ક પાઉડર આપવાની શરૂઆત કરવામાં આવી હતી.




આ -સંગે મહેસુલ મંત્રી શ્રી આનંદીબેન પટેલે કલોલ શહેરનું નામ કલોલ કેવી રીતે રખાયું તેના ઇતિહાસની ઝાંખી કરાવી કલોલના નગરજનોએ પોતાના નગરના જન્મદિનની ઉજવણી ધામધૂમથી કરવી જોઈએ, તેવું ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ કલોલ શહેરના જન્મ દિને શાળાઓમાં કલોલનો ઇતિહાસ અને અન્ય વાતો પર નિબંધ અને વકતૃત્વ સ્પર્ધા યોજવી જોઈએ, જેથી ત્યાંના બાળકોને પણ પોતાના નગરના ઇતિહાસની જાણ થાય.

મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ગુજરાતના વિકાસની વાત કરતા કહ્યું હતું કે, ગુજરાતનો વિકાસ સુચારું આયોજન થકી થઇ રહ્યો છે. ગુજરાતના વિકાસના આયોજનમાં ૩૩ ટકા કૃષિ, ૩૩ ટકા ઉદ્યોગ અને ૩૩ ટકા સોશીયલના વિકાસ કરવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે. કૃષિનો વિકાસ લક્ષ્યાંક હાંસલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જળસંચય, કેનાલ, કૃષિ લક્ષી માહિતી માટે કૃષિ મહોત્સવ જેવા અનેક કાર્યક્રમ અને યોજનાઓ અમલી બનાવી છે. તેમજ ઉદ્યોગોનો વિકાસ કરવા માટે વર્ષ -૨૦૦૩ થી રાજયમાં વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના થકી આજે ગુજરાત રાજ્ય દેશમાં રોજગારી આપવામાં -થમ ક્રમે છે. રાજયના યુવાધનને રોજગારી મળી રહી તે માટે કૌશલ્ય વર્ધન કેન્દ્રો, ઇ- એમ પાવર જેવા અનેક યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. સોશ્યીલ વિકાસ માટે પણ રાજય સરકાર દ્વારા માં યોજના, બાળસખા યોજના, જનની સુરક્ષા યોજના જેવી અનેક યોજનાઓ અમલી બનાવી છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ઈનોવેટીવ -ોજેકટ માટે રાજય સરકાર દ્વારા રૂપિયા ૫૦૦ કરોડ જેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે. આ ગ્રાન્ટમાંથી કલોલ શહેરને વિશેષ ઓળખ આપતું કામ કરવાનો પ્લાન તૈયાર કરી વિભાગમાં મોકલી આપવા નગરસેવકોને ભારપૂર્વક જણાવ્યું હતું.

આજરોજ કલોલ ખાતે સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાણી પુરવઠાના રૂપિયા ૧૦.૯૫ કરોડના કામો અને રૂપિયા ૩.૫૦ કરોડના ખર્ચે નવીન ટાઉન હોલ (એ.સી) તથા રૂપિયા ૪૦ કરોડના ખર્ચે કલોલ તેમજ છત્રાલ ખાતે ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ -સંગે મહેસાણાના સાસંદ શ્રી જયશ્રીબેન પટેલ, ઔડાના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઇ શાહ, ગાંધીનગર જિલ્લા ભાજપના -મુખ શ્રી નૈલેશભાઇ શાહ, કલોલ નગરપાલિકાના -મુખ શ્રી મહેન્દ્રભાઇ બાવરિયા, ઉપ-મુખ શ્રી જીતુભાઇ પટેલ, કારોબારી સમિતિના ચેરમેન શ્રી રાજેન્દ્રભાઇ શાહ, તાલુકા પંચાયત -મુખ શ્રી વિષ્ણુભાઇ પટેલ,નગરપાલિકાના પૂર્વ -મુખ શ્રી -હલાદભાઇ મુખી, જિલ્લાના અધિક કલેકટર શ્રી ડૉ. એમ.ડી. મોડિયા, કલોલ -ાંત અધિકારી શ્રી -દિપસિંહ રાઠોડ, નગરપાલિકા ચીફ ઓફિસર શ્રી મનોજ સોંલકી સહિત નગરના આગેવાનો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતા.



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૮
સૂર્યાસ્ત : ૫.૫૫

## તાપમાન

મહત્તમ : ૨૯.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૧૦, ૬.૪૦, ૯.૫૫
થૉર ધ ડાર્ક વલ્ડ : ૩.૨૫
: સ્ક્રીન-૨ :
ક્રિશ-૩ : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૪૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૩ :
રામલીલા : ૯.૫૫, ૧૨.૫૫, ૪.૧૦, ૭.૨૫, ૧૦.૪૦
: સ્ક્રીન-૪ :
રામલીલા : ૮.૨૫, ૧૧.૨૫, ૨.૪૦, ૫.૫૫, ૯.૧૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ક્રિશ-૩ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
રજ્જો : ૧૦.૩૦, ૧૦.૩૦
રામલીલા : ૪.૦૦
ક્રિશ-૩ : ૧.૩૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

### ધાર્મિક

- બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય સેવા કેન્દ્ર દ્વારા સવારે ૯.૦૦ કલાકે પ્લોટ નં. ૭૫૧, સેકટર-૨૮ ખાતે આધ્યાત્મિક કાર્યક્રમ.

## આપની આજ

**મેષ** : કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે. આજીવિકા ક્ષેત્રે પ્રગતિની સંભાવના છે.

**મિથુન** : સંતાન પર ધ્યાન આપવું. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો સંભાવના છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**મીન** : વિશેષ લેવડ-દેવડથી બચવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. ચેતનકુમાર ગોપાલદાસ પરમાર(ઉ.વ. ૩૭) પ્લોટ નં. ૭૭૧/૧, સેકટર-૪/સી, ગાંધીનગર.
- સ્વ. શકરીબેન પરસોત્તમદાસ પ્રજાપતિ(ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૩૨૬, ગાયત્રીનગર, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. મુનીબેન જુમાભાઈ વસાવા(ઉ.વ. ૨૫) જીઈબી મૅઈન ગેટના છાપરાં, ગાંધીનગર.
- સ્વ. ચંપાબેન કેશવલાલ શ્રીમાળી(ઉ.વ. ૫૪) બ્લોક નં. ૬૪/૩, સેકટર-૬, ગાંધીનગર.
- સ્વ. મથુરજી ચેલાજી ઠાકોર(ઉ.વ. ૮૦) મુ.પો. પિંડાયરડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગોવિંદભાઈ જેહાજી ઠાકોર(ઉ.વ. ૬૫) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સુમનલતા પુરાંતસિંહ ચૌહાન(ઉ.વ. ૭૩) પ્લોટ નં. ૧૮૩/બી, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. હીરાબેન શિવાજી ઠાકોર(ઉ.વ. ૮૦) મુ.પો પ્રાંતીયા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. વાસંતીબેન રામકૃપાલ ધોબી(ઉ.વ. ૫૫) પ્લોટ નં. ૨૨૨/૨, સેકટર-૩/ન્યુ-એ, ગાંધીનગર.